# Day to Day Current Affairs

5. Feb 2016

## ૧. ઝિકા વાઇરસને નાથવા વિશ્વની પ્રથમ રસી ભારતીય વૈજ્ઞાનીકોએ વિકસાવી :

- હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક ઇન્ટરનેશનલ લિમિટેડના વૈજ્ઞાનિકોએ ઝિકા વાઇરસ સામે લડત આપતી વિશ્વની સૌપ્રથમ રસી તૈયાર કરી.
- કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર – કૃષ્ણા ઇલા

## ૨. આફ્રિકા દેશ ઇથિયોપિયામાં સિંહની નવી વસાહત મળી :

- આફ્રિકા ખંડના દેશા ઇથયોપિયામાં સિંહોની નવી વસાહત મળી છે.
- ઑક્સફર્ડ યુનિવર્સિટીના સંશોધકોએ આ સિંહો શોધી કાઢયા હતા.
- ઇથિયોપિયાના જંગલોમાંથી સિંહો 21મી સદીમાં જ નષ્ટ થઇ ગયા હોવાનું મનાતું હતું.
- પરંતુ સિંહોની હાજરી હોવાના સંકેત મળ્યા પછી વિઝન કેમેરા ગોઠવ્યા હતા અને ઇથિયોપિયન લાયન તરીકે જાણીતા આ સિંહોની સંખ્યા અંદાજીત 100 થી 200 છે.

## 3. અમિત સિંઘલ :

- ગુગલ સર્ચના અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપશે.
- ગુગલ ઇન્ટરનેટ સર્ચ બિઝનેસના વડા ભારતીય મૂળના અમિત સિંઘલ આ મહિનાના અંતમા રાજીનામુ આપશે.
- 27 ફેબ્રુઆરીથી તેમનું સ્થાન જ્હોન ગિઆન્ડ્રેઆ લેશે.

## 4. ચેટ એપ્લિકેશન વ્હોટ્સએપમાં ગ્રૃપ મેમ્બરની સંખ્યા વધી :

- વ્હોટ્સએપમાં ગ્રૃપ મેમ્બરની લિમિટ 100ની હતી જે હાલમાં વધીને 256 કરાઇ છે.

## 5. ‘ઇન્ટરનેશનલ ફલીટ રીવ્યુ 2016’ :

- આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમના સમુદ્રમાં 5 દિવસ યોજનાર ‘ઇન્ટરનેશનલ ફલીટ રીવ્યુ 2016’નો શુભારંભ થયો.
- આ ફિલટ રિવ્યુમાં 24 દેશોના 90 જાહાજો તથા 70 હવાઇ વિમાનો કરતબ રજુ કરશે.
- પાંચ દિવસ ચાલનારા આ ફિલટ રીવ્યુનો પ્રારંભ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ કરાવ્યો હતો.

## ૬. ડી.જે. પાંડિયન :

- ગુજરાતના મુખ્ય સચિવપદેથી નિવૃત થયેલા IAS અધિકારી ડી.જે.પાંડીયનની એશિયન ઇન્ફ્રાસ્ટ્રકચર ઇન્વેસ્ટમેન્ટ બેંકમાં વાઇસ પ્રેસિડેન્ટ પદે નિયુક્તિ થઇ.
- એશિયાખંડના દેશોના ઇન્ફ્રાસ્ટ્રકચરના વિકાસ માટે ગત ડિસેમ્બર માસમાં આ બેંક અસ્તિત્વમાં આવી છે.
- બેંકનું મુખ્ય મથક ચિનના બેઇજીંગ ખાતે છે.
- આ બેંક યુ.કે, ફ્રાંસ, ચીન, રશિયા સહિત 58 દેશો દ્વારા પ્રમોટ થયેલી છે.
- આ બેંકનું પ્રથમ પ્રેસિડેન્ટનું પદ ચીન સંભાળે છે જ્યારે ઉપાધ્યક્ષનું પદ ભારતને ફાળે આવ્યું છે.

### પ્રશ્નો

૧. ઝિકા વાઇરસને નાથવા વિશ્વની પ્રથમ રસી વિકસાવનાર દેશ ? ભારત

૨. ભારતની કઇ કંપનીએ ઝિકા વાઇરસને નાથવા રસી વિકસાવ્યાનો દાવો કર્યો છે ? ભારત બાયોટેક ઇન્ટરનેશનલ લિમિટેડ

3. ક્યાં આફ્રિકન દેશમાં સિંહની નવી વસાહત મળી ? ઇથિયોપીયા

૪. માર્ચ 2016થી ગુગલ સર્ચના નવા અધ્યક્ષ પદે કોણ હશે ? જ્હોન ગિઆન્ડ્રેઆ

૫. વ્હોટ્સએપ અપ્લિકેશનમાં ગ્રૃપ મેમ્બરની મહતમ સંખ્યા જણાવો ? 256

૬. ‘ઇન્ટરનેશનલ ફલીટ રિવ્યુ’ 2016નું આયોજન ક્યાં થયું ? વિશાખાપટ્ટમન આંધ્રપ્રદેશ

૭ એશિયન ઇન્ફ્રાસ્ટ્રકચર પદે કોની નિયુક્તિ થઇ ? ડી.જે. પાંડીયન

૮ એશિયન ઇન્ફ્રાસ્ટ્રકચર ઇન્વેસ્ટમેન્ટ બેંકનું વડુ મથક ક્યાં છે ? બઇજીંગ ચીન

Vivekanand Academy Gandhinagar